

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-41 ■ તા. 09-10-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# પીએમ મોદી મોઢેરા ખાતે સૂર્ય મંદિરની મુલાકાત લેશે

## આજથી પીએમ મોદી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવશે

અમદાવાદ,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ વખતે પીએમ મોદી ત્રણ દિવસના પ્રવાસે આવી રહ્યા છે. આ દરમિયાન પીએમ મોદી મોઢેરા ખાતે સૂર્ય મંદિરની પણ મુલાકાત લેશે. આ ઉપરાંત બેચરાજીના દેલવાડા ખાતે એક જાહેર સભાને પણ સંબોધન કરશે. પીએમ મોદીના ત્રણ દિવસના કાર્યક્રમની વિગત જાણીએ. પોતાના ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન પીએમ મોદી અનેક સ્થળોએ જાહેર સભા પણ સંબોધશે.

વડાપ્રધાન તારીખ ૯ ઓક્ટોબરના રોજ મહેસાણા ખાતે રૂ.૨૮૯૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર વિવિધ વિકાસલક્ષી કાર્યોની જનતાને ભેટ આપી રહી છે, ત્યારે રાજ્યના મહેસાણા જિલ્લામાં પણ



વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઇ રહ્યું છે.

આ વિકાસ કાર્યોમાં રૂ.૫૧૧ કરોડના ખર્ચે સાબરમતી-જગુદણ ગેજ કન્વર્ઝન (૫૩.૪૩ કિમી)નું લોકાર્પણ કરવામાં આવશે, જે અમદાવાદ-મહેસાણા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ (૯૮.૭૮ કિમી)નો એક ભાગ છે. સાથે જ, રૂ.૩૩૬ કરોડના ખર્ચે ઓએનજીસી-નંદાસણ સરફેસ ફેસિલિટી નું લોકાર્પણ કરવામાં આવશે.

આ ઉપરાંત, જે વિકાસકાર્યો નું લોકાર્પણ થશે, તેમાં એમ.એસ. પાઈપલાઈન પ્રોજેક્ટ, મોઢેરા સોલાર વિલેજ, ધરોઈ ડેમ આધારિત વડનગર, ખેરાલુ અને ધરોઇ ગ્રુપ રિફોર્મ સ્કીમ, બેચરાજી-મોઢેરા-ચાણસ્મા રોડ, ઉંઝા-દસાજ-ઉપેરા-લાડોલ રોડ એક્સપાન્શન ની કામગીરી, મહેસાણા ખાતે રિજિયોનલ ટ્રેનિંગ સેન્ટર અને મોઢેરા સૂર્યમંદિર ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શેનો સમાવેશ થાય છે. કુલ મળીને રૂ.૧૧૪૫.૬૪ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે રૂ.૧૧૮૧.૩૪ કરોડના ખર્ચે એનએચ-૬૮ ના પાટણથી ગોઝારિયા સુધીના રસ્તાનું ૪ લેન અપગ્રેડેશન અને પીએસ હાઈવેની કામગીરી નું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે.

આ ઉપરાંત, રૂ.૩૪૦ કરોડના ખર્ચે મિલ્ક પાવડર પ્લાન્ટ, રૂ.૧૧૦ કરોડના ખર્ચે ટેટ્રા પેક પ્લાન્ટ અને રૂ.૧૦૬ કરોડના ખર્ચે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે. વિસનગર-ઉમટા-સુંઢિયા-ખેરાલુ રોડ પર બ્રિજીસ બાંધકામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે. બધું મળીને કુલ રૂ.૧૭૪૭.૩૮ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ બપોરે અમદાવાદ એરપોર્ટ પહોંચશે.અમદાવાદ એરપોર્ટથી જ મોઢેરા જવા રવાના થશે.,સાંજે ૫ કલાકે બેચરાજીના દેલવાડા ખાતે જનસભાને સંબોધન કરશે સભા બાદ મોઢેરા સ્થિત મોઢેશ્વરી માતાના મંદિરે દર્શન કરશે. માતાની વિશેષ પૂજા કરી આરતીમાં ભાગ લેશે.,સાંજે ૭ કલાકે મોઢેરા સૂર્ય મંદિર પહોંચશે.રાત્રે નવ કલાકે અમદાવાદ એરપોર્ટ આવવા રવાના થશે. અમદાવાદ એરપોર્ટથી રાજભવન પહોંચશે,રાજભવન ગાંધીનગર ખાતે રાત્રિ રોકાણ કરશે.

જયારે ૧૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન સવારે ૯ કલાકે સચિવાલય હેલીપેડથી આમોદ જવા રવાના થશે.,૧૦ કલાકે આમોદ પાસે જનસભાને સંબોધન કરશે.,આમોદથી આણંદ પહોંચશે.બપોરે ૧૨ કલાકે શાસ્ત્રી મેદાનમાં જનસભાને સંબોધન કરશે,આણંદથી પીએમ મોદી અડાલજ પહોંચશે.અડાલજમાં શૈક્ષણિક સંકુલની મુલાકાત લેશે.

બાદમાં અમદાવાદ એરપોર્ટથી જામનગર જવા રવાના થશે.સાંજે ૫ કલાકે જામનગરમાં જનસભાને સંબોધન કરશે,જામનગરમાં જ રાત્રિ રોકાણ કરશે.આ ઉપરાંત ૧૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ સવારે ૯.૩૦ કલાકે જામકંડોરણા જવા રવાના થશે.,જામકંડોરણામાં જંગી જનસભાને સંબોધન કરશે.,બપોરે રાજકોટથી અમદાવાદ પહોંચશે,બપોરે ૧ કલાકે અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં જનસભાને સંબોધન કરશે.સાંજે ૪ કલાકે અમદાવાદ એરપોર્ટથી મધ્યપ્રદેશ જવા રવાના થશે.

# યુક્રેન યુદ્ધમાં પરમાણુ શસ્ત્રો વાપરવાની પુતિન વાત કરે છે ત્યારે તેઓ 'જોક' કરતા નથી : બાયડન

### ૧૯૬૨ની કેનેડી સમયની 'ક્યુબા મિસાઇલ કટોકટી' પછી હજી સુધી આપણે આવી શસ્ત્ર- તૈયારીઓ જોઈ નથી

ન્યૂયોર્ક,તા.૮

અમેરિકાના પ્રમુખ જો બાયડન ગુરૂવારે અહીં ચેતવણી ઉચ્ચારતા કહ્યું હતુ કે, શીત યુદ્ધના સમય પછી વિશ્વ આજે ફરી એકવાર પરમાણુ શસ્ત્ર સ્પર્ધાને આરે આવીને ઉભું છે.યુક્રેન યુદ્ધ અંગે પ્રમુખ પુતિન 'કેડો ચાતરી'જે વાત કહી છે તેનો અર્થ સમજવા હું સતત પ્રયત્ન કરી રહ્યો છું.

ડેમોક્રેટિક પાર્ટીના ફંડ રેઈઝીંગ અભિયાન દરમિયાન પક્ષના અગ્રીમ નેતાઓને સંબોધન કરતા તેઓએ વધુમાં કહ્યું હતું કે, '૧૯૬૨ની કેનેડી સમયની' 'ક્યુબા મિસાઈલ કટોકટી' પછી હજી સુધી આપણે આવી પરમાણુ શસ્ત્ર સ્પર્ધા જોઈ નથી. આ સાથે બાયડને ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું હતું કે, યુક્રેન યુદ્ધમાં 'પરમાણુ શસ્ત્રો'નો પણ ઉપયોગ કરવાની પુતિન વાત કરે છે ત્યારે તેઓ કોઈ 'જોક' કરતા નથી.

ન્યુઝ પેપર મોગલ રૂપર્ટ મર્ડોકના પુત્ર જેમ્સ મર્ડોકના મેનહટન (ન્યૂયોર્ક) સ્થિત મહાલયમાં પક્ષના ટેકેદારોને સંબોધતા જો બાયડને ક્યુબામાં સોવિયેત સંઘે ૧૯૬૨માં ગોઠવેલા મિસાઇલ્સથી ઉભી થયેલી કટોકટીની યાદ આપતા કહ્યું હતું કે : 'તેઓ જે માર્ગે જઈ રહ્યા છે તે ઉપરથી કહી જ શકાય તેમ છે કે આપણી ઉપર પરમાણુ શસ્ત્રોની સીધી જ ભીતિ તોળાઈ રહી છે.'

પશ્ચિમના ટેકાથી કીવ દ્વારા રશિયાના આક્રમણ સામે જે અસામાન્ય સામનો થઈ રહ્યો છે તેથી રશિયાને લાગી રહ્યું છે કે, યુક્રેનના વિશાળ વિસ્તારો હડપ કરવા માટે તેના તમામ વિકલ્પો ખલાસ થઈ ગયા છે. તેથી જ તેણે પરમાણુ શસ્ત્રો વાપરવાની ગર્ભિત ધમકી ઉચ્ચારી છે તેમ પણ બાયડને તેમના આ સંબોધનમાં જણાવ્યું હતું.

આ સંભવિત પરિસ્થિતિ અંગે નિષ્ણાતો તેમ કહે છે કે તે પ્રહારો (પરમાણુ બોમ્બ પ્રહારોનું નામ સ્થાનિક અને ટેક્નિકલ પ્રકારના જ બની શકે પરંતુ બાયડન કહે છે કે, તે 'નાના વિસ્ફોટો'માંથી જ વ્યાપક યુદ્ધ (પરમાણુ યુદ્ધ) ફાટી નીકળવાની પૂરી શક્યતા છે આ રીતે તેઓ પરમાણુ યુદ્ધ પણ ફાટી નીકળવા પ્રત્યે આડકતરો ઈશારો પણ કર્યો.

બાયડને જ્યારે પુતિન જોક કરતા નથી તેમ કહ્યું પછી તેના અનુસંધાનમાં કહ્યું હતું કે, 'હું તેને બરાબર ઓળખું છું. તે જ્યારે પણ પરમાણુ શસ્ત્રો કે જૈવિક કે રાસાયણિક શસ્ત્રોના ઉપયોગની વાત કરે છે ત્યારે 'જોક' (વ્યંગ) કરતા નથી. કારણ કે તેની સેના પ્રમાણમાં ઘણી જ અલ્પ સિદ્ધિ પ્રાપ્ત કરી શકી છે. હું નથી માનતો કે સરળતાથી પરમાણુ શસ્ત્રો (વાપરવાનું) સામર્થ્ય જ ન હોય તેવી સંભાવના જ ન હોય (તે શક્ય જ છે.)'

આમ છતાં હું તે વિચારી રહ્યો છું કે પુતિનને માર્ગ ચૂકવા માટે કયા પરિબળો કાર્યરત છે ? તેમાંથી તે માર્ગ કઈ રીતે કાઢશે ? તેઓ તેવી પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે કે, જેઓ માત્ર પ્રતિષ્ઠા જ નહિ ગુમાવે પરંતુ સાથોસાથ રશિયામાં પ્રભાવ પણ ગુમાવશે'

## ઉદ્ધવ સરકાર ઉખાડી ફેંકવાનો પ્લાન અઢી વર્ષથી ચાલી રહ્યો હતો, ભાજપ નેતા ચંદ્રકાંત પાટિલે ખુલાસો કર્યો

પુણે,તા.૮

મહારાષ્ટ્ર ભાજપના વરિષ્ઠ નેતા અને કેબિનેટ મંત્રી ચંદ્રકાંત પાટીલે એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, મહા વિકાસ અઘાડી સરકારને પાડવા માટે અઢી વર્ષથી પ્લાનિંગ ચાલી રહ્યું હતું. પાટીલે પુણેના તિલક સ્મારક ઓડિટોરિયમમાં આયોજીત કાર્યક્રમને સંબોધન કરી રહ્યા હતા. પાટીલ ભાજપના પ્રદેશ અધ્યક્ષ પણ રહી ચુક્યા છે. જ્યારે ચૂંટણી થઈ ત્યારે પાટીલના હાથમાં જ કમાન હતી. હાલમાં જ પાટીલના મંત્રી બનવા પર ભાજપે ચંદ્રશેખર બાવનકુલેને મહારાષ્ટ્ર પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા છે.

ચંદ્રકાંત પાટીલે આગળ કહ્યું કે, અઢી વર્ષથી કહી રહ્યા હતા કે અમારી સરકાર આવશે, આવું કહેનારો હું કાંઈ પાગલ નથી. મને ખબર હતી કે, અમારી સરકાર આવશે, હું કાર્યકર્તાઓનું મનોબળ વધારવાની કોશિશ કરી રહ્યો હતો. હકીકતમાં અઢી વર્ષથી અમે અમારી સરકારી લાવવાનું પ્લાનિંગ કરી રહ્યા હતા.

આપને જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને શિવસેનાએ ગઠબંધન કરીને ચૂંટણી લડી હતી. બાદમાં સીએમ પદને લઈને વિવાદ વધ્યો તો ઉદ્ધવ ઠાકરેએ અલગ રસ્તો અપનાવી લીધો અને એનસીપી , કોંગ્રેસ સહિત અન્ય પાર્ટીના સમર્થનથી મહાવિકાસ અઘાડી ગઠબંધનમાં સરકાર બનાવી લીધી હતી. અઢી વર્ષ બાદ શિવસેનામાં તિરાડ પડી અને એકનાથ શિંદેના સમર્થનમાં ધારાસભ્યોએ ઠાકરે વિરુદ્ધ બળવો કર્યો હતો, ત્યાર બાદ શિંદે જૂથે ભાજપ સાથે હાથ મિલાવ્યો અને રાજયમાં ગઠબંધનની સરકાર બનાવી લીધી હતી.

૩૦ જૂને એકનાથ શિંદેને મુખ્યમંત્રી અને ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે નાયબ મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. તેમના બાદ તત્કાલિન ભાજપ પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલે કહ્યું હતું કે, પાર્ટીને ભારે મનથી દેવેન્દ્ર ફડણવીસની જગ્યાએ એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવાનો નિર્ણય કર્યો. જો કે, બાદમાં ભાજપના અન્ય નેતા આશીષ સેલારે કહ્યું હતું કે, આ પાટીલનો પોતાનો મત નથી, ન તો પાર્ટીનું વલણ છે. તેઓ ફક્ત સામાન્ય કાર્યકર્તાઓની ભાવના વિશે વાત કરી રહ્યા હતા.

### ઈસરોની મોટી સફળતા

# ચંદ્રયાન-૨ પ્રથમ વખત ચંદ્રની સપાટી પર સોડિયમનો મોટો જથ્થો મળી આવ્યો

### ચંદ્રયાન-૨ એ ચંદ્રયાન-૨ લાર્જ એરિયા સોફ્ટ એક્સ-રે સ્પેક્ટ્રોમીટરનો ઉપયોગ કરીને ચંદ્ર પર તેની પ્રથમ ભ્રમણકક્ષા કરી હતી



નવીદિલ્હી,તા.૮

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઇસરો) એ મોટી સફળતા હાંસલ કરી છે અને તેના ચંદ્રયાન-૨ ઓર્બિટરના એક્સ-રે સ્પેક્ટ્રોમીટર 'ક્લાસ' એ પ્રથમ વખત ચંદ્રની સપાટી પર વિપુલ પ્રમાણમાં સોડિયમ શોધી કાઢ્યું છે.ઈસરોએ કહ્યું કે ચંદ્રયાન-૧ એક્સ-રે ફ્લોરોસેન્સ સ્પેક્ટ્રોમીટરએ સોડિયમ શોધી કાઢ્યું છે, જેણે ચંદ્ર પર સોડિયમની માત્રા શોધવાની શક્યતાનો માર્ગ ખોલ્યો છે. 'ધ એસ્ટ્રોફિઝિકલ જર્નલ લેટર્સ'માં પ્રકાશિત થયેલા તાજેતરના સંશોધન અહેવાલ અનુસાર, નેશનલ સ્પેસ એજન્સીએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચંદ્રયાન-૨ એ ચંદ્રયાન-૨ લાર્જ એરિયા સોફ્ટ એક્સ-રે સ્પેક્ટ્રોમીટરનો ઉપયોગ કરીને ચંદ્ર પર તેની પ્રથમ ભ્રમણકક્ષા કરી હતી. વિપુલ પ્રમાણમાં સોડિયમની હાજરી જોવા મળે છે.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "બેંગલુરુમાં ઈસરોના યુઆર રાવ સેટેલાઈટ સેન્ટરમાં બનેલ 'KLASS' તેની ઉચ્ચ સંવેદના ક્ષમતા અને કાર્યક્ષમતાને કારણે સોડિયમ લાઈનનો સ્પષ્ટ પુરાવો આપે છે." ચંદ્ર પર સોડિયમ હોવાના સંકેતો પણ કદાચ એક પરથી આવ્યા હશે. સોડિયમના પરમાણુઓનો પાતળો પડ જે ચંદ્રના કણો સાથે નબળી રીતે જોડાયેલ છે. જો આ સોડિયમ ચંદ્રના ખનિજોનો ભાગ હોય તો આ સોડિયમના પરમાણુઓ સૌર પવન અથવા અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગ દ્વારા સપાટી પરથી વધુ સરળતાથી બહાર નીકળી શકે છે.નિવેદન અનુસાર, આ ક્ષાર તત્વમાં રસનું એક રસપ્રદ પાસું ચંદ્રના પાતળા વાતાવરણમાં તેની હાજરી છે, જે એટલો ચુસ્ત પ્રદેશ છે કે ત્યાં અણુઓ પણ ભાગ્યે જ જોવા મળે છે. આ પ્રદેશને 'એક્સોસ્ફિયર' કહેવામાં આવે છે, જે ચંદ્રની સપાટીથી શરૂ થાય છે અને હજારો કિલોમીટર સુધી વિસ્તરે છે.ઈસરોએ જણાવ્યું હતું કે, "ચંદ્રયાન-૨ની આ નવી માહિતી ચંદ્ર પરની સપાટી-એક્સોસ્ફિયરનો નવો અભ્યાસ હાથ ધરવાની તક પૂરી પાડશે, બુધ અને આપણા સૌરમંડળમાં અને તેનાથી આગળના અન્ય વાયુવિહીન પદાર્થો માટે સમાન મોડલ વિકસાવવામાં મદદ કરશે."

### કેલિફોર્નિયામાં ૪ ભારતીયોની હત્યા

# હત્યા કરનાર વ્યક્તિએ ૧૧ વર્ષ જેલમાં વિતાવ્યા છે અને તે પણ લૂંટના કેસમાં : અમેરિકી પોલીસ

વોશિંગ્ટન,તા.૮

તાજેતરમાં અમેરિકાના કેલિફોર્નિયામાં ભારતીય મૂળના એક પરિવારના ચાર લોકોનું પહેલા અપહરણ અને બાદમાં હત્યા કરવામાં આવી હતી. આ ઘટના સામે આવ્યા બાદ અમેરિકાથી લઈને ભારતમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટના અંગે પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે આ ચાર લોકોની હત્યા કરનાર વ્યક્તિ એ ૧૧ વર્ષ જેલમાં વિતાવ્યા છે અને તે પણ લૂંટના કેસમાં. આ ઘટના ૨૦૦૫ની છે, જ્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૧૫ના અંતમાં તેને જેલમાંથી છોડવામાં આવ્યો હતો. ત્યારે પણ તેણે લૂંટની સાથે અપહરણની ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી કેટલાક વિચિત્ર સ્વભાવનો છે અને સમયાંતરે તેના પર ગુનાખોરીનું જુનુન સવાર રહે છે.જો કે, અમેરિકી પોલીસ અધિકારીઓ હજુ સુધી એ શોધી શક્યા નથી કે વ્યક્તિએ શા માટે પરિવારના સભ્યોનું અપહરણ કર્યું. પોલીસ અધિકારી વર્ન વોર્નેકેએ કહ્યું કે આ ઘટના ખૂબ જ ભયાનક અને દુઃખદ પણ છે. તેની નિંદા કરવા માટે મારી પાસે શબ્દો નથી. ૩ ઓક્ટોબર, સોમવારથી પરિવારના ચાર સભ્યો ગુમ હતા. બાદમાં તેમના મૃતદેહ મળી આવ્યા હતા. તેને મારનાર વ્યક્તિનું નામ સાલ્ગાડો જીસસ છે અને તેની ઉંમર ૪૮ વર્ષ છે. તે ડ્રગ્સ સંબંધિત બાબત હોઈ શકે છે.

જીસસની માનસિક સ્થિતિ સારી ન હોવાનું કહેવાય છે કારણ કે ધરપકડ બાદ તેણે આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો. ત્યારબાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે તેને હોશ આવ્યો ત્યારે તેણે હોસ્પિટલમાં લોકો પર હુમલો કરવાનું શરૂ કર્યું. હોસ્પિટલ મેનેજમેન્ટે તેને કોઈક રીતે કાબૂમાં રાખ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી બંદૂક સાથે ઈમારતમાં પ્રવેશ કર્યો અને બે પુરૂષો, એક મહિલા અને આઠ મહિનાની બાળકીનું અપહરણ કર્યું. તેના વીડિયો ફૂટેજ પણ સામે આવ્યા છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે આરોપીઓએ જે ભારતીય મૂળના પરિવારનું અપહરણ કરીને હત્યા કરી હતી તે ભારતના પંજાબના હોશિયારપુર જિલ્લાના ટાંડાના હરસી ગામના રહેવાસી હતા.

## આસામના મુખ્યમંત્રીએ મને ખૂબ માર્યો હતો..': ગૃહમંત્રી અમિત શાહે ચાર દાયકા જૂની ઘટનાને યાદ કરી

ગોવાહાટી,તા.૮

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આજે ગુવાહાટીમાં પાર્ટીના નવા કાર્યાલયનું ઉદ્દ્ઘાટન કર્યું. ત્યારે શાહે દાવો કર્યો હતો કે ભાજપના શાસનમાં આસામ અને પૂર્વોત્તર ક્ષેત્રે શાંતિ અને વિકાસના માર્ગે આગળ વધ્યા છે.શાહે કહ્યું કે કોંગ્રેસના ૭૦ વર્ષના શાસને ઉત્તરપૂર્વ ભારતને હિંસા અને અરાજકતા તરફ દોરી ગયું છે.તેને ધકેલવામાં આવ્યું હતું, પરંતુ હવે ભારતીય જનતા પાર્ટી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે તેને મુખ્ય પ્રવાહ સાથે જોડ્યું છે.લગભગ ચાર દાયકા જૂની ઘટનાને યાદ કરતાં અમિત શાહે કહ્યું કે જ્યારે હું અહીં વિદ્યાર્થી પરિષદના કાર્યક્રમ માટે આવ્યો હતો ત્યારે અમને હિતેશ્વર સૈકિયા (આસામના તત્કાલિન મુખ્યમંત્રી) દ્વારા ખૂબ માર મારવામાં આવ્યો હતો. અમે ઈન્દિરા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા, તેથી અમને માર મરાયો હતો. તે સમયે એવી કલ્પના નહોતી કે ભાજપ બે વખત જીતીને પોતાના દમ પર સરકાર બનાવશે.ગૃહમંત્રી શાહે કહ્યું કે ભાજપ સરકારે આસામમાં ૯,૦૦૦ લોકોને સશસ્ત્ર બનાવીને શાંતિ સ્થાપી છે. વડા પ્રધાને ઉત્તર-પૂર્વ ક્ષેત્ર માટે બજેટ ત્રણ ગણું કર્યું છે, જેના કારણે તમામ પ્રદેશોમાં માળખાકીય વિકાસ થયો છે. પાર્ટીના નવા કાર્યાલયનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે, ભાજપ કાર્યાલયો માત્ર ઈંટ-પથ્થરની ઈમારતો નથી, પરંતુ તે પાર્ટીના કાર્યકર્તાઓના સમર્પણ, ભાવના, પ્રતિબદ્ધતા અને સખત મહેનતને દર્શાવે છે.અગાઉ શાહે ભાજપ અધ્યક્ષ જે. પાર્ટીના નવા હેડક્વાર્ટરનું ઉદ્દ્ઘાટન કેન્દ્રીય પ્રધાન સર્બાનંદ સોનોવાલ, મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્મા, પાર્ટીના રાજ્ય એકમના વડા ભાવેશ કલિતા, ત્રિપુરાના મુખ્ય પ્રધાન માણિક સાહા અને પી. નડ્ડા સાથે અન્ય લોકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

# જાતિ વ્યવસ્થા માટે માફી પુરતી નથી, વ્યવહારમાં દેખાવવું જોઈએઃ પવાર

નાગપુર,તા.૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘસચાલક મોહન ભાગવતે ગઈકાલે નાગપુરમાં એક પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ભાષણ આપતા કહ્યું હતું કે કર્ણ અને જાતિવ્યવસ્થા એક જૂની વિચારશરણી હતી. હવે તેને ભૂલી જવું જોઈએ. પહેલા જે ભૂલો થઈ છે, તેની પર બ્રાહ્મણોએ પ્રાશ્ચિત કરવી લેવું જોઈએ. પૂર્વજોની ભૂલોને માની લેવામાં કોઈ ખચકાટ નથી. તમામ પૂર્વજોથી ભૂલ થઈ છે. શાસ્ત્રોમાં બ્રાહ્મણ કર્મથી થવાતું હતું, જન્મથી નહિ. પછીથી બ્રાહ્મણોને જન્મથી માની લેવામાં આવવા લાગ્યા અને શાસ્ત્રોએ પછીથી આ ખરાબ વાતને સ્વીકારી લીધી. આ નિવેદન પર રાષ્ટ્રવાદી પાર્ટી પ્રમુખ શરદ પવારે પ્રતિક્રિયા આપી છે.

શરદ પવાર હાલ નાગપુરના પ્રવાસે છે. અહીં એરપોર્ટ પર તેમને પત્રકારોએ જાતિ વ્યવસ્થાને લઈને આરએસએસ પ્રમુખના નિવેદન વિશે પૂછ્યું તો શરદ પવારે કહ્યું સારી વાત છે કે મોહન ભાગવતે એ માન્યું છે કે જે સમાજમાં ભેદભાવ પેદા થાય છે, અસમાનતા સર્જાય છે, તેને આપણે ત્યાગવી જોઈએ. સમાજના એક વર્ગનું ઘણા સમયથી શોષણ કરવામાં આવી રહ્યું છે. એ વાતનો અનુભવો થવો તે સારી વાત છે. જોકે માત્ર માંફી માંગી લેવાથી કોઈનું કામ ચાલશે નહિ. એ વાત વ્યવહારમાં પણ દેખાવવી જોઈએ. શિવસેના કોની આ મુદ્દા પર એનસીપી પ્રમુખે કહ્યું કે મામલો ચૂંટણી કમિશનની પાસે પેન્ડિંગ છે, સુનાવણી ચાલુ છે. ચૂંટણી કમિશન નિર્ણય કરશે, આ વિષય પર હું કોઈ જ ટિપ્પણી નહીં કરું.

એનસીપીના મહારાષ્ટ્ર પ્રદેશ અધ્યક્ષ જયંત પાટિલે પણ મોહન ભાગવતના નિવેદન પર પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે જેવી ચૂંટણી આવે છે, અલગ-અલગ જાતિઓને આગળ લાવવાની ભાષાઓ શરૂ થઈ જાય છે. એક્શનમાં આવી વાત દેખાતી જ નથી.

# તંત્રી લેખ

## ખાસ અદાલતની રચનાનું નોટિફિકેશન રજૂ કરવા સરકારને ગુજરાત હાઈકોર્ટનો નિર્દેશ




*સાંસદો-ધારાસભ્યો વિરૂધ્ધના પડતર કેસો મુદ્દે ગુજરાત હાઈકોર્ટે દાખલ કરેલી સુઓમોટો જાહેરહિતની રિટ અરજીની સુનાવણીમાં આજે કોર્ટ સહાયક તરફથી અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, સાંસદો ધારાસભ્યો સામેના કેસો ચલાવવા માટે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ કોર્ટની રચના કરી હોવાનું અગાઉ રાજય સરકાર દ્વારા જણાવાયું હતુ પરંતુ હજુ સુધી તેનું જાહેરનામું રેકર્ડ પર આવ્યું નથી, તેથી હાઈકોર્ટે આ નોટિફિકેશન રજૂ કરવા સરકારપક્ષને નિર્દેશ કર્યો હતો અને કેસની વધુ સુનાવણી તા.૨૦મીએ રાખી હતી.*

*દેશમાં તમામ સાંસદો અને ધારાસભ્યો વિરૂધ્ધના પડતર કેસોને લઈ સુપ્રીમકોર્ટમાં અગાઉ દાખલ થયેલી જાહેરહિતની રિટમાં સુપ્રીમકોર્ટે આવા કેસોની ઝડપી અને અસરકારક સુનાવણી માટે દરેક રાજયોને વિશેષ અદાલતની રચના કરવા સહિતના મહત્વના નિર્દેશો જારી કર્યા હતા. સુપ્રીમકોર્ટના નિર્દેશને પગલે ગુજરાત હાઈકોર્ટે સાંસદો-ધારાસભ્યો સામેના પડતર કેસો મુદ્દે સુઓમોટો પીઆઈએલ દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે રાજય સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસ જારી કરી હતી અને રાજયમાં સાંસદો-ધારાસભ્યો વિરૂધ્ધના પડતર કેસોને લઈ માહિતી પણ સરકાર પાસેથી માંગી હતી.*

*જો કે, રાજય સરકાર દ્વારા અગાઉની સુનાવણી વખતે હાઈકોર્ટને જાણ કરાઈ હતી કે, રાજય સરકાર દ્વારા સાસંદો-ધારાસભ્યો વિરૂધ્ધના પડતર કેસો મુદ્દે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ કોર્ટ(વિશેષ અદાલત)ની રચના કરવામાં આવી છે, જેથી હાઈકોર્ટે આ અંગેનું નોટિફિકેશન રજૂ કરવા સરકારને જણાવ્યું હતું. જો કે, હજુ સુધી સરકાર દ્વારા આ નોટિફિકેશન રજૂ નહી થતાં આજે આ કેસમાં એમીકસ કયુરી(કોર્ટ સહાયક) તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, સરકારે કહ્યા પ્રમાણે હજુ સુધી વિશેષ અદાલતની રચના અંગેનું નોટિફિકેશન કોર્ટમાં રજૂ કર્યુ નથી અને તે રેકર્ડ પર આવ્યું નથી. હાઈકોર્ટે આ બાબતની નોંધ લીધી હતી અને સરકારપક્ષને આગામી મુદત સુધીમાં નોટિફિકેશન રજૂ કરવા તાકીદ કરી હતી. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૨૦મી ઓકટોબરે રાખી હતી.*

*રાજયના સાંસદો અને ધારાસભ્યો વિરૂધ્ધ ગુજરાતની તમામ જિલ્લા-તાલુકા અદાલત અને હાઈકોર્ટમાં પડતર કેસોને લઈ અગાઉ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલે એક યાદી તૈયાર કરી હતી, જેમાં સાંસદો-ધારાસભ્યો વિરૂધ્ધ કુલ ૯૩થી વધુ કેસો પડતર હોવાનો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો. જેમાં ૫૦થી વધુ તો ચાલુ સાંસદો અને ધારાસભ્યો હોવાની વાત સામે આવી હતી.*

# આન્યા મૃણાલ પ્રકરણ ૧૨




મૃણાલે જયારે ગાયત્રીબહેનને નાની બનવાનાં છે એ સમાચાર આપ્યાં ત્યારે એમના આનંદની અવધિ નહોતી. જો કે ખુશ તો બધા જ હતા..પણ સંવેદનાઓ જ્યાં શુભ્ર અને ઉજ્વળ હોય ત્યાં આનંદનો અનુભવ વધુ હોય. તેમના મનમાં હવે મૃણાલ તેનું ઘર કરશે તેવી હાંશ પણ બંધાવા માંડી હતી. આમેય સામાન્ય ઘરની છોકરી કાપડની મિલ માલિકનાં મોભાદાર પરિવારમાં સ્થિર થતી જાણીને આનંદ કોને ના થાય?

કૈરવ પણ ખુશ હતો.. મૃણાલ હવે સાચા શબ્દોમાં "શેઠ"નો વંશવેલો આગળ વધારશે. ભુજ ઉપર શૉ સફળ થયા પછી તેનાં ચિત્રો અને મૃણાલે કરેલી સમીક્ષા ઉપર બહાર પડેલ પુસ્તક " કંપન"ની ત્રીજી આવૃત્તિ વખતે પ્રસિદ્ધ પુસ્તક પ્રકાશક પ્રભુ આશર બે લાખ રૂપિયાનો ચેક આપવા જયારે ઘરે આવ્યા ત્યારે માધવીબહેન પણ હતાં.

પ્રભુ આશર મૃણાલને કહેતા હતા, "બહેન તમે તો આ પુસ્તકમાં કલમનો જે જાદુ પાથર્યો છે કે વાંચનાર દ્રવિત થયા વિના રહી જ ના શકે. આજે પણ પુસ્તકની માંગણી એટલી બધી છે કે તેનો હવે અંગ્રેજી અનુવાદ અને હિંદી અનુવાદ થઈ રહ્યા છે. અને દિલ્હી અકાદમીએ આ પુસ્તકનાં લખાણ અને વેચાણને ધ્યાનમાં લઈ ચાલુ વર્ષે સૌથી વધુ વંચાતા પુસ્તકમાં સ્થાન આપવાનું નક્કી કર્યુ છે."

મૃણાલ નિસ્પૃહતાથી સાંભળી રહી હતી તેથી માધવીબહેન બોલ્યા " પ્રભુભાઈ આ બધી વાતોનો જશ તો ખરેખર કૈરવને જાય છે કારણ કે " કંપન " મુખ્યત્વે તો તેનું સૂચન હતું કેમ મૃણાલ ખરું ને?"

"હા, કહેતા મૃણાલે ઉમેર્યુ કે "આ રોયલ્ટીનો ચેક પણ કૈરવ શેઠનાં નામે જ લખજો કે જેથી તેમને વ્યવસ્થા કરવાનું ફાવે."

પ્રભુ આશર સમજુ હતા માધવીબેનની હાજરીમાં તેમણે ફેરવી તોળ્યું, "બહેન અમે લેખકના નામે જ ચેક લખીએ કારણ કે ચોપડે તે રીતે જ બધુ ઉધારાય..પછી ભલેને ચેક આપ જોઈંટ એકાઉન્ટમાં જમા કરાવો. અને હા બહેન, હાલ તમે જે કંઈ સર્જન કરી રહ્યા હો તે મને પહેલાં આપજો. તમારું કાર્ય અદભુત છે અને ક્યાંય સ્વાર્થ નથી હોતો. ફક્ત જનહિતાયેજ આપ લખો છો તે લેખિનીને મારા શત શત પ્રણામ..

માધવીબહેનથી મૃણાલની પ્રશસ્તિ સહન થતી નહોતી. એમણે એક નવો ફણગો મૂક્યો. નવી આવૃત્તિમાં ટાઇટલ પેજ ઉપર એકલી મૃણાલને બદલે કૈરવ સાથેનો સ્ટેજ ઉપરનો ફોટો મૂકો તો કૈરવનું પણ કાર્ય લોકભોગ્ય થાય. યાદ છે ને, મંત્રીશ્રીએ યુવા પ્રતિનિધિનાં એવોર્ડથી બંનેને સન્માન્યા હતા?"

"માફ કરજો બહેન! પણ ટાઇટલ તો પ્રિન્ટ થઈ ગયું છે પણ મૃણાલબહેનનાં બીજા પ્રોજેક્ટમાં આપણે તમારા સૂચન પ્રમાણે કરીશું"

"ના તમે ટાઇટલ ફરીથી પ્રિન્ટ કરાવો અને જે કંઈ ખર્ચ થશે તે હું આપી દઈશ."

"મમ્મી તેને બદલે આપ અને પપ્પાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું તે ચિત્ર મૂકાવીએ તો?"

"જુઓ બંને બહેનો! એક વાત સમજો. જે ફોટા આપણે મૂકવા હશે તે આપણે અંદર મૂકીશું પણ અત્યારે ટાઇટલ ફરી કરવા જઈશ તો મારું પ્રોડક્શન મોડું પડી જશે."

થોડી જ વાર પહેલાં ઑફિસથી પાછા આવેલા અજયભાઈએ બધી વાત શાંતિથી વાત સાંભળી હતી. અજયભાઈએ પ્રભુભાઈની વાતને ટેકો આપતા કહ્યું "માધવી તમે જે વાતો કરો છો તે નવા પ્રોજેક્ટ માટે જરૂરી છે. હાલમાં નવેસરથી બધો ખર્ચો કરવાનો અને કૈરવને પ્રમોટ કરવાની જરૂર નથી. મૃણાલ હજી ઘણું નવું કરશે અને કૈરવની સાથે જ કરશે. તેથી જીદ છોડી દો."

માધવીબહેનને ગુસ્સો તો આવ્યો...પણ મ્લાન મુખે હસીને બોલ્યા "હું તો કૈરવને બીજી ૫૦૦૦ પુસ્તકોની છબીમાં જોવા માંગતી હતી." "તમે જે સૂચન કર્યુ કે હું પૈસા આપી દઈશ તે અયોગ્ય છે. દરેક બિઝનેસ પોતે નક્કી કરે કે તેમણે શું કરવાનું છે. આપણે સૂચન કરી શકીએ પણ હું પૈસા આપી દઈશ કહીને આડકતરી રીતે તમે તેમના નિર્ણયને પડકારો છો તે ખોટું છે. અમને પ્રોડક્શનમાં જે વસ્તુ જતી રહી હોય અને કોઈ ડિઝાઈન બદલવાવાળી વાત લઈને આવે તો અમે તો માથામાં વાગે તેવી ના જ કહી દેતા હોઈએ છે. પ્રભુભાઈ આપ માધવીની વાતને માની લાગણી સમજજો પણ તે રીતે કરવું યોગ્ય ના હોય તો તે વાત ઉપર ધ્યાન ના આપશો."

"આભાર અજયભાઈ પણ વચલો રસ્તો હજી લઈ શકાશે અંદરનાં પાને પ્રેરણા કહીને બે પિક્ચર મૂકી શકીશ અને તે આપના દીપ પ્રગટ્ય તેમજ મૃણાલ અને કૈરવભાઈને મળેલા યુવા એવૉર્ડનો.. જેથી માધવીબહેન અને મૃણાલબહેનની વાત રહી જશે."

માધવીબહેન તરફ ફરીને પ્રભુભાઈએ ફરી આભાર કહ્યું અને રજા લીધી.

સાંજે અપેક્ષા પ્રમાણે કૈરવનાં આવ્યા પછી જમતાં આ વાત નીકળી ત્યારે અજયભાઈ બહુ સ્પષ્ટ હતા..અને બોલ્યા "માધવીને કૈરવ શ્વાસ પ્રાણ વહાલો તેથી પ્રભુભાઈ આશરને ખોટું સૂચન કરી બેઠાં.."

કૈરવ સાંભળતો રહ્યો અને મૃણાલ સામે જોતો રહ્યો. મૃણાલનાં મોં પર અણગમતા ભાવો જોઈને તે બોલ્યો " મૃણાલ, મમ્મી ક્યાં ખોટી હતી?"મૃણાલે કોઈ જવાબ આપ્યા વિના રૂમમાંથી આવીને ૨ લાખની રોયલ્ટીનો ચેક કૈરવનાં હાથમાં આપ્યો. જાણે કોઈ જ મોટી વાત ના હોય તેમ કૈરવે ચેક જોઈને નીચે મૂકી દીધો.

મૃણાલે કૈરવની થાળી પીરસવા માંડી અને કૈરવે ફરી એજ પ્રશ્ન કર્યો " મમ્મી ક્યાં ખોટા હતા મૃણાલ?"

"મને એમણે પૈસા આપી દેવાની વાત કરી તે ગમી નહોતી. પ્રકાશકનો ઉપકાર કે તેઓ મારા વિચારોને લોકો સુધી પહોંચાડે છે. ટાઈટલ અને પુસ્તક પ્રકાશન એ એમનો વિષય છે અને પપ્પાએ સાચું જ કહ્યુ હતું કે આપણે વિનંતી કરી શકીએ. આડકતરો દબાવ ના પાડી શકીએ."

"મૃણાલ મને આ જવાબની આશા નહોતી મને તો એમ કે તમને કૈરવનું ૫૦૦૦ પુસ્તકો પર નામ જાય અને ફોટો જાય તેથી તમે રાજી થશો."

"તમે જાણો છો તેમ મેં મને જે સાચું લાગ્યુ તે કહ્યું. અને હું આમેય ધંધાકિય અભિગમ નથી ધરાવતી.'

"ભલે હવે આ વાતનો ધંધાકિય ફાયદો લેવાનો એક રસ્તો હું બતાવું" અજયભાઈએ વાતોમાં ભાગ લેતા કહ્યું અને સૌની નજર એમના તરફ ગઈ.

"કૈરવ તું ૧૫૧ છબીમાંથી લોકકલાનાં ભાગ સ્વરુપે સૌથી લોકપ્રિય દસ ભાત શોધી આપ. એક વાત નક્કી છે ત્રીજી એડિશન થાય છે એટલે તે લોકપ્રિય પુસ્તક છે. તો એ કચ્છી ભાતની દસ સાડીનું ઉત્પાદન શરુ કરાવો. આપણે એનું માર્કેટિંગ કરીશું. સાડીનું બ્રાંડ નેમ હશે મૃણાલ શેઠ અને મૃણાલ મોડેલ પણ હશે તે દસ સાડીઓની..."

માધવીબહેનને સૂચન ના ગમ્યું પણ કૈરવ ખુશ થયો. મૃણાલે મોડેલ બનવાની તૈયારી એટલા માટે ના બતાવી કે ગર્ભમાં રહેલાં બાળકનો અણસાર બહાર પણ વર્તાતો હતો. એડ મેનેજેરે મૃણાલ શેઠને બદલે ખાલી મૃણાલ નામ કરાવ્યું.

વિજય શાહ

## મુખ્યમંત્રીએ શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૨૨ ભોજન કેન્દ્રો તથા શ્રમ 'સન્માન' પોર્ટલનું લોકાર્પણ કર્યું

### જેની પડખે કોઈ નથી, તેની પડખે સરકાર છે. તેવા ધ્યેયમંત્ર સાથે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. : ભુપેન્દ્ર પટેલ




ગાંધીનગર,તા.૮

શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૨૨ ભોજન કેન્દ્રો અને શ્રમ સન્માન પોર્ટલના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ અંત્યોદયના વિચારને સાકાર કરતો લોક ઉત્સવ છે. શ્રમિકો સન્માન સાથે જીવે તે અમારી સરકારનો ધ્યેય છે. લોકો માટે 'ઘરનું ચણતર' કરનાર શ્રમિકો માટે રાજ્યમાં અનેક યોજનાઓ અમલી બનાવાઈ છે. જેની પડખે કોઈ નથી, તેની પડખે સરકાર છે. તેવા ધ્યેયમંત્ર સાથે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. એમ તેમણે ઉમેર્યું હતું.ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ અમદાવાદ તથા ગાંધીનગર ખાતે આવેલા કુલ ૨૨ કડિયા નાકા ઉપર ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભોજન કેન્દ્રોનું લોકાર્પણ થયું છે. ત્યારબાદ તબક્કાવાર સમગ્ર રાજ્યમાં આવતા બે મહિનામાં આ યોજના અંતર્ગત ભોજન કેન્દ્રો ખોલવામાં આવશે, આ સ્થાયી કેન્દ્રો ઉપરાંત જે બાંધકામ સાઈટ પર ૫૦થી વધુ શ્રમિકો આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તેમને ડોર સ્ટેપ ડિલિવરીની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત શ્રમિકનો સમય ન બગડે અને સરળતાથી નોંધણી કરાવી શકાય તે માટે શ્રમ 'સન્માન' પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યું છે.

શ્રમ 'સન્માન' પોર્ટલ વિશે જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, તમામ યોજનાના લાભો ડિજિટલ માધ્યમથી એક જ પોર્ટલ પર મળી શકે તે માટે 'સન્માન' પોર્ટલ કાર્યરત કરાયું છે. તાજેતરમાં જ દેશમાં ૫જી સેવાનો પ્રારંભ કરાવાયો છે જેમાં શ્રમિકોને પણ આવરી લેવાનો અભિગમ છે. 'સન્માન' પોર્ટલથી હવે કોઈપણ શ્રમિકને કચેરીમાં જવું નહીં પડે. ઘરેબેઠા જ અરજીથી લઈ મંજૂરી સુધીની તમામ પ્રક્રિયા સરળ બનાવાઈ છે.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર કૌશલ્ય વિકાસ મંત્રી બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે, અન્ન, આવરણ અને આવાસ એ કોઈપણ વ્યક્તિની પ્રાથમિક જરૂરિયાત છે. ત્યારે રાજ્યના બાંધકામ શ્રમિકો માટે 'અન્નપૂર્ણા યોજના' શરૂ કરાઈ છે. નોંધાયેલા શ્રમિકોને તો આ લાભ મળવાનો જ છે પરંતુ જે શ્રમિકોની નોંધણી નથી થઈ તેમના માટે 'સન્માન' પોર્ટલ શરૂ કરાયું છે. જેનાથી ન નોંધાયેલા શ્રમિકોને પણ આવરી લેવાશે. શ્રમિકોને સાત્વિક- પૌષ્ટિક ભોજન આપવાના ધ્યેય સાથે આ યોજના અંતર્ગત શ્રમિકોને માત્ર ૫ રૂ.માં ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવશે. એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ અંજુ શર્માએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, બાંધકામ શ્રમિકો માટે અંદાજે ૫૦૦ કરોડના ખર્ચે યોજનાઓ અમલી કરાઈ છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના જે કોરોનાકાળમાં બંધ કરાયા બાદ આજથી પુનઃ શરૂ કરાઈ છે જેમાં હવે માત્ર ૫ રૂ.માં શ્રમિકોને પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવશે. અગાઉ ૧૧૯ કડીયાનાકાઓ પરથી ભોજનનું વિતરણ કરાવવામાં આવતું હતું. જ્યારે હવે ૧૪૦ કડીયાનાકાઓ પરથી તેનું વિતરણ થશે. ૫૦થી વધુ શ્રમિકો કામ કરતા હશે ત્યાં સ્થળ પર ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## રાધનપુરની ટિકિટ માટે ભાજપમાં અંદરોઅંદર ખેંચતાણ, બે જુથો વચ્ચે મહાસંમેલન યોજાશે

### ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે રાધનપુર બેઠક પર અલ્પેશ ઠાકોરને ટિકિટ આપવામાં આવે તેવા સંકેત આપ્યા છે. તેની વચ્ચે રાધનપુર ભાજપમાં અંદરખાને જ બે મોટા ભાગ થઈ ગયા હોવાનું સામે આવ્યું

પાટણઃ રાધનપુર વિધાનસભા ચૂંટણી પહેલા જ નવા-જૂની થવાના એંધાણ દેખાઈ રહ્યાં છે. રાધનપુરની ટિકિટ માટે ભાજપમાં અંદરોઅંદર ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. પૂર્વ ધારાસભ્ય લવિંગજી ઠાકોર-નાગરજી ઠાકોરની આગેવાનીમાં ૧૧ ઓક્ટોબરે મહાસંમેલન યોજવાની જાહેરાત કરાઈ છે. અઢારે આલમ સમાજના નામે યોજાનાર મહાસંમેલન પહેલા 'જીતશે સ્થાનિક, હારશે બહાર'નો લખાણવાળી પત્રિકા ફરતી થઈ ગઈ છે. ૧૧ ઓક્ટોબરે સમીના રણાવાડા ગામે આ મહાસંમેલન યોજાનાર છે.

મહત્વનું છે કે રાધનપુરમાં ખુદ ભાજપ સામે હવે ભાજપ આવી ગયું હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. રાધનપુર બેઠક પર ભાજપની અંદરોઅંદરની લડાઈ જોવા મળી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે રાધનપુર બેઠક પર અલ્પેશ ઠાકોરને ટિકિટ આપવામાં આવે તેવા સંકેત આપ્યા છે. તેની વચ્ચે રાધનપુર ભાજપમાં અંદરખાને જ બે મોટા ભાગ થઈ ગયા હોવાનું સામે આવી રહ્યું છે. હાલ રાધનપુર વિસ્તારમાં રાજકારણ ગરમાયું છે.

રાધનપુર બેઠકની ટીકીટને લઈ ભાજપમા જ કકળાટ શરૂ થયો છે. એક તરફ અલ્પેશ તો બીજી તરફ પૂર્વ ધારાસભ્ય લવિંગજી ઠાકોર-નાગરજી ઠાકોર છે. આમ રાજકીય રીતે આ મહાસંમેલન મોટો ભાગ ભજવશે. ઉલ્લેખનીય છે કે, વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીને લઈ રાજકીય પાર્ટીઓ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. તાજેતરમાં દશેરાએ ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે પાટણની ચાણસ્મા વિધાનસભા બેઠક પર યોજાયેલ સહસ્ત્ર પૂજનના કાર્યક્રમમાં હાજરી આપી હતી. જેમાં આગામી વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીને લઈ ચાણસ્મા અને રાધનપુર વિધાનસભા બેઠક પર સંભવિત ઉમેદવાર વિશે આડકતરી રીતે સંકેત આપતા ચર્ચા શરૂ થઈ છે.

## આઈબીએ કેન્દ્ર સરકારને રિપોર્ટ આપ્યો છે કે ગુજરાતમાં આપની સરકાર બની રહી છે.: કેજરીવાલ



દાહોદ,તા.૮

વિધાનસભાની ચૂંટણી હજી જાહેર થઈ નથી, પરંતુ તેના પહેલા ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાઓ ગુજરાતમાં સભાઓ ગજવી રહ્યા છે. આજે દાહોદ ખાતે દિલ્હીના સીએમ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગંવત માન નવજીવન આટર્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એક સભાનું આયોજન કરાયું હતું જ્યાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડી હતી. બીજી બાજુ આપના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

અહીં સ્ટેજ પરથી કેજરીવાલે ગુજરાતીમાં ભાષણ સંબોધ્યું હતું. આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ સભા સ્થળે લોકોનું અભિવાદન ઝીલીને ભારત માતા કી જય સાથે સંબોધન શરૂ કર્યું હતું. જેમાં તેમણે, કેમ છો મઝામાં? ગુજરાતીમાં કહ્યું હતું. કેજરીવાલે જણાવ્યું કે, ગુજરાતમાં મને ખુબ પ્રેમ મળે છે. જ્યારે પણ અમારી સરકાર બનશે તમામ કરેલા વાયદા પુરા કરીશું. હું તમારા માટે ખુશ ખબર લાવ્યો છું. આઈબીનો રિપોર્ટ છે કે સર્વેમાં ગુજરાતમાં આમ આદમીની સરકાર બનશે. આઈ બી રિપોર્ટ પ્રમાણે આમ આદમી પાર્ટી ૮૪ થી ૮૬ બેઠકો આવશે.કેજરીવાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે આઈબીએ કેન્દ્ર સરકારને રિપોર્ટ આપ્યો છે કે ગુજરાતમાં આપની સરકાર બની રહી છે. આ હું નથી કહી રહ્યો. રિપોર્ટ બોલી રહ્યો છે. આમ આદમી પાર્ટી જીતી રહી છે. બે ત્રણ સીટથી જીતી રહી છે. પરંતુ બે ત્રણ નહીં પરંતુ ૩૦-૪૦ સીટથી જીત થવી જોઈએ. તેના માટે આપણે બધાએ ખૂબ મહેનત કરવી પડશે. આપડે રેકોર્ડબ્રેક બેઠકો લાવવાની છે.

કેજરીવાલે જણાવ્યું હતું કે, ૧ ડિસેમ્બરે જ્યારે ગુજરાતમાં સરકાર આમ આદમીની સરકાર બનશે ત્યારે આપણે સૌથી પહેલા ભ્રષ્ટચાર હટાવીશું. તમામ એમપીએમએલએ એ ગુજરાતમાં લૂંટ ચલાવી છે. તમામ વસ્તુઓ પર ટેક્સ લગાવ્યો છે. ગુજરાત સરકાર દર વર્ષે અઢી લાખ કરોડ રૂપિયા ખર્ચે છે. પણ કોઈ વિકાસ નથી માત્ર પોતાનો વિકાસ કરે છે. પરંતુ આમ આદમીની સરકાર બનશે તો ગુજરાતને જેણે લૂંટયા તેમની પાસેથી રૂપિયા રિકવર કરીશું અને મફત વીજળી આપીશું.

## અમદાવાદમાં પ્રેમીને મળાવવાની લાલચ આપી ત્રણ લોકોએ સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યુ

અમદાવાદ,તા.૮

અમદાવાદ શહેરમાં વધુ એક દુષ્કર્મની ઘટના સામે આવી છે. સગીરાને પ્રેમી સાથે માતા પિતાએ પકડી પાડતા ઠપકો આપ્યો હતો. જેનો લાભ લઈ પાડોશમાં રહેતા ૪૦ વર્ષીય યુવકે તેને પ્રેમી સાથે મળાવવાનો વિશ્વાસ અપાવી મિત્રના ઘરે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે ચાંદખેડા પોલીસે ગુનો નોંધી ત્રણ લોકોની ધરપકડ કરી છે.

નોધનીય છે કે, રામ શંકર નાઈ, સોનુ રાજકુમાર વિશ્વકર્મા અને નથુસિંહ નાઈ નામના ત્રણ આરોપીઓની પોલીસે પોક્સો અને દુષ્કર્મના ગુનામાં ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ મૂળ યુપીના રહેવાસી છે અને છેલ્લા ઘણા સમયથી અમદાવાદમાં ધંધા કરવા માટે વસવાટ કરી રહ્યા છે. સગીરાની માતાને ઘટનાની જાણ થતા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તાત્કાલિક આરોપીઓની ધરપકડ કરી લીધી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, સગીરાને આમાંથી એક યુવક સાથે પ્રેમ સંબંધ હતા.

જેની જાણ તેના માતા પિતાને થઈ જતા તેને ઠપકો આપ્યો હતો. પોડોશમાં રહેતા લોકોને જાણ થઈ ગઈ હતી કે સગીરા કોઈ વ્યક્તિના પ્રેમમાં છે. જેથી તકનો લાભ લઈ આ આરોપીએ સગીરાનો સંપર્ક કરી પ્રેમીને મળાવવાની ખાત્રી આપી હતી. જેથી સગીરાને પણ તેમના પર વિશ્વાસ આવી ગયો. તપાસ પ્રમાણે આરોપીએ સગીરાને એક ફોન અપાવી દીધો હતો.

## વડોદરામાં દંપતીને બંધક બનાવી રિવોલ્વરની અણીએ ૨૦ લાખની દિલધડક લૂંટ ચલાવાઈ

### પોલીસની ૧૦ ટીમો કામે લાગી,સીસીટીવી ફૂટેજ મેળવવા તજવીજ

વડોદરા,તા.૮

વડોદરામાં ગઈકાલે રાત્રે વાસણા રોડ વિસ્તારના એક મકાનમાં ત્રાટકેલા લુટારોએ લીવ ઈન રિલેશનમાં રહેતા દંપતીને બંધક બનાવીને ઘરમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી ૨૦ લાખ ઉપરાંતની માતાની લૂંટ ચલાવી હોવાનો બનાવ બનતા શહેર પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓએ રાત્રે નાકાબંધી કરી સીસીટીવી કેમેરા મારફતે લૂંટારાઓનુ પગેરું મેળવવા તજવીજ હાથ ધરી છે.

વાસણા રોડના પેટ્રોલ પંપ નજીક આવેલી એક મુદ્રા સોસાયટીમાં રહેતા દીપક જેસીંગભાઇ પટેલ નામના આધેડ હાલમાં મુંબઈના દિવ્યાબેન સોની સાથે લીવ ઈન રિલેશનમાં રહેછે. તેઓ અગાઉ જર્મનીમાં રહેતા હતા અને તેમણે ત્રણ પત્ની સાથે જુદા જુદા લગ્ન કરી બે ને છૂટાછેડા આપ્યા હતા. જયારે ત્રીજી સાથે અણ બનાવ બનતા તે મુંબઈ ચાલી ગઈ છે. દીપકભાઈના બહેન સંગીતાબેન પટેલ ઉપરોક્ત વિસ્તારમાં ભાજપના કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા છે.દીપકભાઈ અને દિવ્યા બહેન ગઈકાલે સાંજે કામ અર્થે ઘરની બહાર નીકળ્યા હતા. દીપકભાઈ સિગરેટ લેવા ગયા હતા અને દિવ્યા બહેને પાણીપુરી ખાધી હતી. ત્યારબાદ તેઓ ઘેર પરત ફરી હિંચકે બેઠા હતા. દિવ્યાબેન ફોન ઉપર બહેનપણી સાથે વાત કરતા હતા અને દીપકભાઈ ઘરની અંદર ગયા હતા. થોડીવાર બાદ બંને સોફા પર બેઠા હતા તે દરમિયાન રાત્રે આઠએક વાગે ત્રણ લૂંટારા ઘુસી આવ્યા હતા.દીપકભાઈએ પોલીસને કહ્યું છે કે, ત્રણે લૂંટારાએ બ્લેક રંગના માસ્ક પહેર્યા હતા. એક લૂંટારા એ રિવોલ્વર તાકી હતી. બીજા લૂંટારા એ મને મારઝૂડ કરી હતી. જ્યારે ત્રીજાએ મને તેમજ દિવ્યા બેનના હાથ પગ સેલોટેપ થી બાંધી દઈ દિવ્યાના મોઢે પણ સેલોટેપ લગાવી દીધી હતી. એક લૂંટારા એ કહ્યું હતું કે તિજોરી કી ચાબી દો, મુદ્દામાલ કહા રખા હે બતાવો, નહીતો તુમ આજ મરે.લૂંટારાઓ મને બેડરૂમમાં લઈ ગયા હતા અને ત્યારબાદ ચાવી લઈને બીજા બેડરૂમમાં ગયા હતા. થોડીવાર બાદ તેઓ મોટી થેલી લઈને નીકળ્યા હતા. જતા જતા મારા ગળામાંથી ચેન, લકી, ત્રણ વીટી અને પર્સમાંથી ૪૦ હજાર રોકડા લૂંટી લીધા હતા. જયારે દિવ્યાના ગળામાંથી ચેન અને હાથમાંથી ચાર વીટી લૂંટી લીધી હતી. આ વખતે ચેન નું પેન્ડલ નીચે પડી ગયું હતું અને એક વીટી રહી ગઈ હતી.દીપકભાઈએ પોલીસને કહ્યું છે કે, ત્રણે લુંટારા ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના હતા અને તેઓ અડધો કલાક સુધી ઘરમાં રોકાયા હતા.